# ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર

## નિગમમાં મુસાફર ભાડા વધારા બાબતે

## પ્રેસ નોટ

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ મુસાફરોની સવલત માટે સતત પ્રયત્નશીલ અને ચિંતિત છે. ગુજરાત સરકારશ્રી દ્વારા નિગમને મહત્તમ આર્થિક સહાય કરી સ્વનિર્ભર બનાવવા પ્રયત્નો કરેલ, જેના ભાગરૂપે ભારતમાં પ્રથમ વખત B.S 6 ના ૨૩૨૦ જેટલા નવીન વાહનો મુસાફર જનતાની સવલતમાં મુકવામાં આવેલ છે. નિગમ દ્વારા ભારતમાં પ્રથમ વખત એરપોર્ટ જેવા બસ પોર્ટ આપવામા આવેલ છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ ,પાલનપુર, ભરુચ વગેરે જેવા અદ્યતન બસપોર્ટ કાર્યરત છે તથા નજીકના ભવિષ્યમાં વધુ બસ પોર્ટ મુસાફરોની સવલતમાં મુકવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

એસ.ટી નિગમ દ્વારા સને ૨૦૧૪ પછી ભાડામાં સુધારો કરેલ નથી. જ્યારે અન્ય રાજ્યો દ્વારા પગાર , ડીઝલ તથા સ્પેરપાર્ટના ભાવ વધારાના ખર્ચ ને પહોંચી વળવા માટે ભાડામાં લગભગ દર વર્ષે વધારો કરવામાં આવે છે. જ્યારે ગુજરાત એસ.ટી નિગમ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી મુસાફર ભાડામાં કોઈજ વધારો કરેલ નથી.

### ભાડા વધારાની મુખ્ય બાબતો

- વર્ષ – ૨૦૧૪ બાદ આજ દિન સુધી વિવિધ કારણોસર નિગમનું આર્થિક ભારણ ખુબજ વધેલ છે.
- લગભગ ૧૦ વર્ષથી ગુજરાત એસ.ટી. નિગમના મુસાફર ભાડામાં કોઈ વધારો કરવામાં આવેલ નથી જ્યારે રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉત્તરપ્રદેશ,આન્ધ્રપ્રદેશ જેવા અન્ય રાજ્યો દ્વારા દર વર્ષે ભાડામાં વધારો કરવામાં આવેલ છે.

| ક્રમ | રાજ્યનું નામ | પ્રતિ કિ.મી./મુસાફર ભાડું રૂ | | |
|---|---|---|---|---|
| | | લોકલ | એક્સ્પ્રેસ | નોન એ.સી.સ્લીપર |
| ૧ | ગુજરાત (હાલનું જુનું ભાડુ) | ૦.૬૪ | ૦.૬૮ | ૦.૬૨ |
| | ગુજરાત (નવીનનું ભાડુ) | ૦.૮૦ | ૦.૮૫ | ૦.૭૭ |
| ૨ | મહારાષ્ટ્ર | ૧.૪૫ | ૧.૪૫ | ૧.૯૮ |
| ૩ | ઉત્તરપ્રદેશ | ૧.૩૦ | ૧.૬૪ | ૧.૯૪ |
| ૪ | આન્ધ્રપ્રદેશ | ૦.૯૨ | ૧.૦૭ | ૧.૩૬ |
| ૫ | પંજાબ | ૧.૨૨ | ૧.૪૬ | ૨.૧૯ |
| ૬ | મધ્ય પ્રદેશ | ૧.૨૫ | ૧.૩૮ | ૧.૭૩ |
| ૭ | તેલંગાણા | ૦.૮૩ | ૦.૯૫ | ૧.૧૮ |
| ૮ | કેરલા | ૧.૦૦ | ૧.૧૦ | ૧.૨૦ |
| ૯ | રાજસ્થાન | ૦.૮૫ | ૦.૯૦ | ૧.૨૭ |

- આ પ્રકારે ભાડા વધારો કર્યા બાદ પણ રાજસ્થાન, પંજાબ, કેરાલા, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ જેવા અન્ય રાજ્યો કરતાં ગુજરાત એસ.ટી.નું પ્રતિ કિલોમીટર/સીટ ભાડું ઓછુ રહેશે.
- સરકારશ્રીના વર્ષ ૨૦૦૩ ના ઠરાવ મુજબ ડીઝલ, મોંઘવારી ભથ્થા, ટાયર અને ચેચીસના ભાવમાં વધારો થતા ભાડા વધારો કરવાનો થાય છે.
- નિગમની લોકલ સર્વિસોમાં કુલ મુસાફરો પૈકી ૮૫% મુસાફરો (દરરોજ અંદાજીત ૧૦ લાખ જેટલા) ૪૮ કી.મી. સુધીની મુસાફરી કરે છે જેમાં માત્ર રૂ.૧/- થી રૂ.૬/- સુધીનો નજીવો ભાડા વધારો થવા પામે છે. જેથી રાજ્યના લોકલ સર્વિસોમાં મુસાફરી કરતા મુસાફરોને ભાડા વધારાથી નહિવત અસર થવા પામશે.

## રાજ્ય સરકારશ્રી દ્વારા આગામી ૫૦૦ દિવસમાં એસ.ટી.નિગમની કાયાકલ્પ કરવા નીચે મુજબની કામગીરી કરવાની શરતે ભાડા વધારો કરવાની પરવાનગી આપેલ છે.

- <u>નવીન બસોનું સંચાલનમાં મુકવાનું આયોજન</u>
  - નિગમ દ્વારા રાજ્ય સરકારશ્રીની મદદથી આગામી ટુંક સમયમાં સંચાલનમાં રહેલ તમામ ઓવરએજ વાહનોને રીપ્લેશ  કરવામાં આવશે.
  - ૨૫૦ એ.સી. પ્રકારના ઈલેક્ટ્રિક વાહનો સંચાલનમાં મુકવાનું આયોજન છે.
  - ૨૦૦ હાઈ એન્ડ મલ્ટી એક્સલ એ.સી.પ્રીમીયમ વાહનો સંચાલનમાં મુકવાનું આયોજન છે.
  - ૨૦૦ અધ્યતન સ્લીપર કોચ વાહનો સંચાલનમાં મુકવાનું આયોજન છે.
  - ૨૦૦ ગુર્જરનગરી વાહનો સંચાલનમાં મુકવાનું આયોજન છે.
  - ૩૦૦૦ જેટલા સુપર એક્સપ્રેસ પ્રકારના વાહનો સંચાલનમાં મુકવાનું આયોજન છે.
  - આમ, સમયગાળા દરમ્યાન નવીન કુલ ૩૮૫૦ નવી ટેકનોલોજી વાળા વાહનો મુસાફર જનતાની સેવામાં મુકવાનું આયોજન છે.
  - નિગમ દ્વારા B.S-6 ના ૨૩૨૦ જેટલા નવીન વાહનો મુસાફર જનતાની સવલતમાં મુકવામાં આવેલ છે.

    B.S-6 વાહનો થકી પર્યાવરણમાં પ્રદુષણનું પ્રમાણ ઘટવા પામશે, વધુ આરામદાયક મુસાફરી બનશે, બ્રેક ડાઉન નીલ થશે તેમજ નોઈસ પોલ્યુશનમાં પણ ઘટાડો થશે.
- <u>નવીન વાહનો સેવામાં મુકવાથી</u>
  - ગુજરાતની મુસાફર જનતાને વધુમાં વધુ પરિવહન સુવિધાઓ મળી રહે તે માટે આ સમયગાળામાં ૭૦૦ જેટલા નવીન શિડ્યુલો સંચાલનમાં મુકવામાં આવનાર છે.
  - આ નવીન શીડ્યુલ થકી વધુમાં વધુ ટ્રીપોનો ગ્રામીણ મુસાફરો, વિદ્યાર્થીઓ અને મધ્યમ વર્ગના મુસાફરોને લાભ મળવા પામશે.
- <u>નવીન ભરતીનું આયોજન</u>
  - નિગમ દ્વારા ૨૭૮૪ ડ્રાઈવર, ૨૦૩૪ કંડકટર, ૨૪૨૦ મિકેનિક અને ૧૬૦૩ ક્લાર્ક  એમ મળી કુલ ૮૮૪૧ કર્મચારીઓની ભરતી કરવાનું આયોજન છે.
  - જેના થકી વધુ શીડ્યુલ સંચાલિત થતા મુસાફરોને વધુ સારી પરિવહન સુવિધા આપવાનું આયોજન છે.

- <u>નવીન અત્યાધુનિક બસ પોર્ટનું નિર્માણ</u>
    - નિગમ દ્વારા અમદાવાદ, રાણીપ, વડોદરા, મહેસાણા, રાજકોટ, પાલનપુર અને ભરૂચ વિગેરે ખાતે એરપોર્ટ કક્ષાના નવીન બસ પોર્ટ મુસાફર જનતાની સવલતમાં મુકવામાં આવેલ છે.
    - મુસાફરોને ડેપો ખાતેથી વધુમાં વધુ પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે આગામી સમયમાં ભુજ, અમરેલી, પાટણ, મોડાસા, નવસારી અને નડીયાદ ખાતે નવીન અધ્યતન બસ સ્ટેશનો બનાવી મુસાફર જનતાની સેવામાં મુકવાનું આયોજન છે.
    - નિગમ દ્વારા મુસાફરોની પ્રાથમિક સુવિધામાં વધારો કરવાના હેતુસર પીવાના પાણી, નવીન બસ સ્ટેશન, બેઠક વ્યવસ્થા અને ટોયલેટની સ્વચ્છતા વગેરે બાબતોમાં અપગ્રેડેશન કરવામાં આવનાર છે.
    - તમામ બસસ્ટેશન અને આસપાસના વિસ્તારો પ્લાસ્ટિક-ફ્રી બને તે પ્રમાણે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.
    - નિગમ દ્વારા સફાઈ બાબતેની નવી નીતિનું મોબાઈલ એપ્લીકેશન દ્વારા મોનીટરીંગ કરી બસ સ્ટેશનની નિયમિત અને વધુ સારી સફાઈનું આયોજન છે.
    - વાહનોની સફાઈની નવી નીતિ દ્વારા આધુનિક ટેકનોલોજીના માધ્યમથી વાહનોની વધુ સારી રીતે સફાઈનું આયોજન છે.

- <u>નિગમ દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ</u>
    - વિદ્યાર્થીઓને અભ્યાસનો સમય ન બગડે તેમજ ડેપો ઉપર વારંવાર ન જવું પડે તે માટે નિગમ દ્વારા E-pass સીસ્ટમ લોન્ચ કરેલ છે. જેમાં મળતી સુવિધાઓમાં હજુ પણ વધારો કરવાનું આયોજન છે.
    - નિગમના તમામ બસ સ્ટેશનો, સેન્ટ્રલ વર્કશોપને સી.સી.ટી.વી. સર્વેલન્સ સીસ્ટમથી સુસજ્જ કરવામાં આવનાર છે.
    - મુસાફરોને સરળતાથી બસના સમયની જાણકારી મળી રહે તે માટે બસ સ્ટેશનો માં પેસેન્જર ઈન્ફોર્મેશન સીસ્ટમ તમામ મુકવાનું આયોજન છે.
    - નિગમ દ્વારા મુસાફરોને બસના સમયની જાણકારી પ્લેટફોર્મ ખાતે ત્વરિત મેળવી શકાય તે માટે ઓટો મેટીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ મુકવામાં આવેલ છે. જેમાં વધારો કરી તમામ બસ સ્ટેશનો ખાતે કાર્યરત કરવાનું આયોજન છે.
    - મુસાફરોને ઝડપી ટીકીટ મળી રહે સાથો સાથ Payment ના મલ્ટી મોડ ઓપ્શન મળી રહે તે માટે સ્માર્ટ ઈ-ટીકીટીંગ મશીન સંચાલનમાં મુકવાનું આયોજન છે.
    - તમામ બસોમાં મુસાફરોને મનોરંજન મળી રહે તે માટે FM Radio/LED મુકવાનું આયોજન છે.